# આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે બાવનમી રાષ્ટ્રીય કૃષિ ઇજનેર સોસાયટીની ત્રિદિવસીય કાર્યશિબિરનું સમાપન

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે ભારતીય કૃષિ ઇજનેરોની સોસાયટીના બાવનમાં વાર્ષિક સંમેલન પ્રસંગે **તજજ્ઞતાઓના સમુચિત ઉપયોગ ધ્વારા ખેડૂતોની આવક બમણી કરવાના** વિષય ઉપર **ત્રિદિવસીય** રાષ્ટ્રીય કાર્યશિબિરનો સમાપન સમારંભ તા. ૧૦ જાન્યુઆરી-૨૦૧૮ ને બુધવારના ફુડ પ્રોસેસીંગ ટેકનોલોજી મહાવિદ્યાલયના ઓડિટોરિયમ હોલ ખાતે યોજાયેલ.

સમાપન સમારંભના પ્રમુખપદેથી પૂર્વ કૃષિ મંત્રી અને ગુજકોમાસોલના ચેરમેન શ્રી દિલીપભાઇ સંઘાણીએ કૃષિકારોને મજબૂતી, આર્થિક સધ્ધરતા અને સામાજિક સુરક્ષા મળશે તો કૃષિકારો વધુ ગતિશીલ બનશે તેમ જણાવ્યું હતું. આ માટે કૃષિ ક્ષેત્રે ઇજનેરો અને વૈજ્ઞાનિકોનો સમન્વય થવો જરૂરી છે અને આ કાર્યશિબિર એ એક બીજ છે જેના મારફતે જો સંશોધનોને ખેતરો સુધી લઇ જવામાં આવશે તો આ કાર્યશિબિર કૃષિકારો માટે કૃષિ ક્ષેત્રે નવી દિશા અને નવા આર્થિક ક્ષેત્રો આપનારૂં બની રહેશે તેમ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

વળી ગુજરાતની ભૌગોલિક પરિસ્થિતિ અને વાતાવરણને ધ્યાનમાં રાખીને અલગ-અલગ કૃષિ યુનિવર્સિટીઓની રચના કરી જે તે વિસ્તારની પરિસ્થિતિને ધ્યાનમાં લઇને, ત્યાંની જમીન અને પાણીને ધ્યાનમાં લઇને તેના પર સંશોધન કરી તેનો સાચા અર્થમાં ખેડૂતોને લાભ મળે તે માટેની વિચારણા કરવાનું ભગીરથ કાર્ય ગુજરાત સરકારે કર્યું હોવાનું શ્રી સંઘાણીએ કાર્યશિબિરના સમાપન પ્રસંગે કહ્યું હતું.

શ્રી સંઘાણીએ વૈશ્વિક બજારને નજરમાં રાખીને પાકના ઉત્પાદન-ઉત્પાદકતાની સાથે ગુણવત્તાની બાબતને ધ્યાનમાં રાખવા તેમજ બિનઉપજાવ જમીનને ઉપજાવ બનાવવા આહવાન કર્યુ હતું. કૃષિ ઉત્પાદન ખર્ચની સાથે ખેડૂતોને તેની યોગ્ય કિંમત મળી રહે તે માટે યોગ્ય બજાર વ્યવસ્થાતંત્ર ઉભું કરવું પડશે. સહકારી માધ્યમથી આપણે કામ કરીશું તો ખેડૂતોને તેનો લાભ પ્રાપ્ત થઇ શકશે. તેમજ કૃષિ પેદાશોની આયાત નહીં પણ વધુ નિકાસ કેવી રીતે કરી શકાય તે બાબતે વિચારણા કરવા સુચવ્યું હતું. વધુમાં સંશોધનોની પ્રક્રિયા ઉપર પૂર્ણવિરામ ન મૂકતાં આ પ્રક્રિયા સતત ચાલતી રહેવી જોઇએ તેવી જરૂરિયાત ઉપર ભાર મૂકયો હતો.

શ્રી સંઘાણીએ કાર્યશિબિરમાં ઘણાં સંશોધનો પેપરો રજૂ કરવામાં આવ્યા છે ત્યારે આ સંશોધનો ખેતરે-ખેતરે પહોંચાડીને તેનો મહત્તમ લાભ ખેડુતોને મળે અને ખેડૂતોમાં રહેલી શંકાઓ થાય તે માટે કૃષિ ઇજનેરો અને વૈજ્ઞાનિકો જે મહેનત કરી રહ્યાં છે તેના પરિપાકરૂપે આપણે ભારતના વડાપ્રધાનશ્રીએ વર્ષ-૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાનું જે સ્વપ્ન સેવ્યું છે તેને પાંચ વર્ષમાં જ નહીં બે થી ત્રણ વર્ષમાં સાકાર કરી શકીશું તેવો આશાવાદ વ્યકત કરી આવી કાર્યશિબિર યોજવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

કાર્યશિબિરના મુખ્ય અતિથિ અને એફએએમયુ (FAMU) સસ્ટેનબીલિટી ઇન્સ્ટિટયુટના ફેકલ્ટી ડાયરેકટર અને ફલોરિડા કલાઇમેટ ઇન્સ્ટિટયુટ ફલોરિડા એ એન્ડ એમ યુનિવર્સિટી, ફલોરીડા, યુ.એસ.એ.ના ડાયરેકટર ડૉ. ઓ.એસ.એમબ્યુયાએ પોતાની પ્રવચનની શરૂઆત કેમ છો ? ભારતીય લોકોને મારા પ્રણામ, મને અહીં આવીને આનંદ થયો એમ ગુજરાતીમાં બોલીને સૌને આશ્ચર્યચકિત કરી દીધા હતાં. તેમણે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ કૃષિકારોની આવક બમણી કરવા માટે જે અભિયાન આદર્યું છે તે પડકારોને ભારતીય કૃષિ ઇજનેરોએ ઉપાડી લઇને જે કામગીરી હાથ ધરી છે તેને આવકારી, ભારતના લોકો સહ્દયી અને વિશાળ મનના છે તેનો ઉલ્લેખ પણ કર્યો હતો. તેમણે ભારતનું બુધ્ધિધન ઉચ્ચ ગુણવત્તાનું છે ત્યારે એકબીજા સાથે મળીને કામ કરવાથી અને વિચારોનું આદાન-પ્રદાન કરવાથી વધુ સારી રીતે આ ક્ષેત્રે ક્રાંતિ લાવવવાની સાથે કૃષિ ક્ષેત્રે આમૂલ પરિવર્તન લાવી શકીશું તેમ કહ્યું હતું.

ડૉ.એમબ્યુઆએ ગ્લોબલ યુગમાં ટેકનોલોજીના આદાન-પ્રદાન ઉપર ભાર મૂકી ટેકનોલોજી વન-વે નહીં પણ ટુ વે હોવી જોઇએ અને આથી જ આજે ફલોરિડા એ એન્ડ એમ યુનિવર્સિટી, યુ.એસ.એ. આપની સાથે વિચારોનું આદાન-પ્રદાન કરી રહી છે. કુદરતી સંશાધનોનો મહત્તમ ઉપયોગ કરવા ઉપર ભાર મૂકી કૃષિકારોને વાતાવરણની રોજ-બરોજ જાણકારી મળી રહે તેવી વ્યવસ્થા ઉભી કરવા ઉપર ભાર મૂકી કૃષિ ક્ષેત્રે યુ.એસ.એ.માં કરવામાં આવતી કામગીરીની વિગતવાર જાણકારી આપી હતી.

જો આપણે બદલાતા સમય સાથે તાલ મીલાવી ખેતીક્ષેત્રે બદલાવ લાવી તેનો અમલ કરીશું તો ચોકકસ આપણે કૃષિ ક્ષેત્રે અદભૂત ક્રાંતિ લાવવાની સાથે ખેડૂતોની આવક બમણી કરવાના કાર્યમાં ચોકકસ સફળ થઇશું તેમ જણાવ્યું હતું.

કાર્યશિબિરના અતિથિવિશેષપદે ઉપસ્થિત રહેલ પદ્મશ્રી અને ગુજરાત લાઇફ સાયન્સના ચેરમેન અને અખંડ ગુજરાત કૃષિ યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિ ડૉ. એમ.એચ.મહેતાએ રાજય અને રાષ્ટ્રમા કૃષિ ક્ષેત્રે બદલાવનો સમય પાકી ગયો છે. તે માટે આ વ્યાપને નાના-નાનાં ગામડાંઓ સુધી પહોંચાડવાની જરૂરિયાત છે. કૃષિ ઇજનેરોએ તેમના સંશોધનો અને અનુભવોનું ભાથું જમીની સ્તર પર લઇ જવાની શીખ આપી કહયું કે જો આપણે આ કાર્ય કરીશું તો ચોકકસ આપણે ખેડૂતોની આવક બમણી કરવાના આ ભગીરથ કાર્યમાં પાર ઉતરીશું તેમજે છેવાડાના છેવાડાના ગામમાં ખેતી કરતાં ખેડૂતો સુધી સંશોધનો પહોંચાડીને તેનાથી ખેડૂતોને જાગૃત કરવાની જરૂરીયાત જણાવી ગ્રીન અને ઇકો રીવોલ્યુશેન ઉપર ભાર મૂકી અનાજનો બગાડ ન થાય તેના પ્રતિ જાગૃતિ કેળવવા તેમજ સિંચાઇ અને ફુડ પ્રોસેસીંગ જેવી સુવિધાઓનો વિસ્તાર કરવાનું સૂચવી ઇકો એગ્રીકલ્ચર આપણું ભાવિ હોવાનું જણાવ્યું હતું.

આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ અને ભારતીય કૃષિ ઇજનેર સોસાયટીના પ્રમુખ ડૉ. એન.સી. પટેલે ફલોરિડા એ.એન્ડ એમ. યુનિવર્સિટી ફલોરીડા, યુ.એસ.એ. સાથે સાથે આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા એમ.ઓ.યુ. કરવામાં આવતાં આનંદની લાગણી વ્યકત કરી, ભારત સરકારના કૃષિ રાજય મંત્રી શ્રી પુરૂષોત્તમ રૂપાલાએ જયારે કૃષિના નકશાને બદલવાની ક્ષમતા કૃષિ ઇજનેરોમાં રહેલી છે તેમ કહ્યું છે ત્યારે આ તબકકે કૃષિ ક્ષેત્રે, કૃષિ ઇજનેરોનું કાર્યપ્રદાન કરવાની જવાબદારી વધી જાય છે તેમ જણાવી, સંશોધનો ઉપર વિચાર-વિમર્શ કરી તેનું જમીની સ્તર ઉપર અમલીકરણ થાય તે જોવાની જરૂરિયાત જણાવી હતી. ભારતના વડાપ્રધાનશ્રીએ પાંચ વર્ષમાં જે ખેડૂતોની આવક બમણી કરવાનું સ્વપ્ન સેવ્યું છે તે પાંચ વર્ષમાં નહીં પણ બે થી ત્રણ વર્ષમાં જ બમણું થાય તેવું કાર્ય  કરવા, આપણે આપણું જ્ઞાન આપણા પુરતું સીમિત ન રાખી તેનો ખેતરે-ખેતરે અને ખેડૂતો સુધી પ્રચાર- પ્રસાર થાય તેમ કરવા ઉપર ભાર મૂકયો હતો.

ત્રિદિવસીય કાર્યશિબિરમાં દરમ્યાન ડેરી એન્ડ ફુડ ટેકનોલોજી એન્જિનિયરીંગ, ફાર્મ એન્ડ પાવર એન્જિનિયરીંગ, સોઇલ એન્ડ વોટર એન્જિનિયરીંગ અને એનર્જી ઇન એગ્રીકલ્ચર એન્જિયરીંગ એમ જુદા જુદા વિષયો ઉપર સંશોધન પેપરો રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં સોલર એનર્જી, વેલ્યુ એડીશન, બજાર વ્યવસ્થાતંત્ર, કૃષિ ઉત્પાદકતા, પેકેજીંગ, પ્રોસેસીંગ, સોઇલ હેલ્થ, જળસંચય, જળ વ્યવસ્થાપન, સિંચાઇની વિવિધ પધ્ધતિઓ, જમીન અને પાણી અને વેસ્ટલેન્ડ મેનેજમેન્ટ, સુએઝ ટ્રીટમેન્ટ, વિન્ડ એનર્જી, સોલર પંપીંગ, બાયોગેસ એનર્જી, ખાતરનો ઉપયોગ, ભાવ બજાર નિયંત્રણ જેવા વિષયોને આવરી લેવામાં આવ્યા હતા. જેની વિગતવાર જાણકારી ટેકનીકલ ડાયરેકટરો દ્વારા આપવામાં આવી હતી. આ સંશોધનોમાં રજૂ કરવામાં આવેલ વિવિધ પાસાંઓનો અભ્યાસ કરી તેનું અમલીકરણ, આવનારા સમયમાં ખેતી અને ખેડૂતો માટે આશિર્વાદરૂપ બનવાની સાથોસાથ તેઓની કૃષિ આવક બમણી કરવામાં મહત્વની ભૂમિકા અદા કરશે તેવો આશાવાદ કાર્યશિબિરમાં વ્યકત કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે કાર્યશિબિર દરમિયાન બેસ્ટ પેપર પ્રેઝન્ટેશન અને ભારતીય કૃષિ ઇજનેર સોસાયટીના આણંદ વિભાગ દ્વારા ગુજરાતમાં કૃષિ ઇજનેરી ક્ષેત્રે સુંદર કામગીરી કરનાર કૃષિ ઇજનેરોને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે એવોર્ડ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

પ્રારંભમાં કાર્યશિબિરના કન્વીનર ડૉ. ડી.સી.જોષીએ સ્વાગત પ્રવચન કરી કાર્યશિબિર દરમિયાન કરવામાં આવેલ કામગીરીની વિગતો આપી, આ કાર્યશિબિરમાં દેશ-વિદેશના અનુભવી તજજ્ઞો દ્વારા મનોમંથન કરવામાં આવ્યું હોવાનું કહયું હતું. તેમજ કાર્યશિબિર દરમિયાન વિવિધ વિષયો ઉપર ગહન ચર્ચા કરવામાં આવી હતી તેમજ બાવન સંશોધન પેપર ઉપર પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હોવાનું જણાવ્યું હતું. અંતમાં કાર્યશિબિરના ઓર્ગેનાઇઝીંગ સેક્રેટરી ડૉ. આર. સુબ્બૈયાએ આભારવિધિ કરી હતી. જયારે શિબિરમાં દેશ-વિદેશના ૫૫૦થી વધુ કૃષિ ઇજનેરો ઉપસ્થિત રહયા હોવાનું ઉમેર્યું હતું.

આ પ્રસંગે દેશભરની જુદી જુદી કૃષિ યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ, દેશ-વિદેશના કૃષિ ઇજનેરો, સંશોધનકારો, ઉદ્યોગ સાહસિકો, યુનિવર્સિટીના પ્રાધ્યાપકો અને  વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયા હતાં.


52nd Annual Convention of
Indian Society of Agricultural Engineers (ISAE)
National Symposium
Doubling Farmers' Income through Technological Interventions




Dr. N. C. Patel


Indian Society of Agricultural Engineers (ISAE)
National Symposium
Doubling Farmers' Income through Technological Interventions


Shri Dilip Sanghani


52nd Annual Convention of
Indian Society of Agricultural Engineers (ISAE)
Dr. N. C. Patel